
# વિશ્વવિહાર

વર્ષ : 17 • અંક : 5 • ફેબ્રુઆરી 2015 • કિં ₹ 10



ચિત્રકાર શ્રી કનુ દેસાઈની કલાકૃતિ



ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમશ્રી ઓમપ્રકાશ કોહલીને હસ્તે
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રણેતા ડૉ. ધીરુભાઈ ઠાકરને વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા
મળેલું 'શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા સન્માન' સ્વીકારતા શ્રી નીતિન શુક્લ
તથા વિશ્વ ગુજરાતી પરિષદના પ્રમુખ શ્રી કૃષ્ણકાંત વખારિયા




ડૉ. ધીરુભાઈ ઠાકરની પ્રથમ પુણ્યતિથિએ 'અનહદ બાની' વિશે શ્રી સુભાષ ભટ્ટ અને
'ભજનવાણી' વિશે શ્રી નિરંજન રાજ્યગુરુ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ,
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી
સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી
ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

•

email : vishvakoshad1@gmail.com • www.vishwakosh.org
છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૩૦૦/-
લવાજમ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ. થી જ મોકલવું
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# સ્વ. ધીરુભાઈ ઠાકરને અર્પણ થયેલું 'શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા સન્માન'

ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ પંક્તિમાં જેમનું નામ આદરપૂર્વક લેવાય છે તેવા ગુજરાતી વિશ્વકોશના પ્રણેતા અને વિવેચક, નાટ્યવિદ તથા કેળવણીકાર સ્વ. શ્રી ધીરુભાઈ ઠાકરને વિશ્વ ગુજરાતી સમાજ તરફથી શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા સન્માન એનાયત કરવામાં આવ્યું. નિમિત્ત હતું સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા સન્માન લૉર્ડ મેઘનાદ દેસાઈને તેમજ 'શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા સન્માન' શ્રી ધીરુભાઈ ઠાકરને આપવાનું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી વિશેષ રીતે ઉપસ્થિત હતા અને તેમના મનનીય વક્તવ્યમાં તેમણે વિશ્વ ગુજરાતી સમાજ, લૉર્ડ મેઘનાદ દેસાઈ અને ડૉ. ધીરુભાઈ ઠાકરની પ્રશંસા કરતાં જણાવ્યું કે, શિક્ષણક્ષેત્રનો આ અદ્ભુત સન્માન સંયોગ છે.

ડૉ. ધીરુભાઈ ઠાકરનું આ સન્માન ઘોષિત કરવાના થોડાક દિવસ પૂર્વે તેમનું અવસાન થયેલું એટલે જુદો ચીલો ચાતરીને ડૉ. ધીરુભાઈ ઠાકરનાં સ્વજનોને બોલાવીને આ સન્માન અપાયું. તેમના વતી સન્માન સ્વીકારતી વખતે શ્રી નીતિનભાઈ શુક્લએ ધીરુભાઈના કાર્યની મહત્ત્વની રૂપરેખા દર્શાવી હતી અને તેમને અપાયેલ એક લાખ રૂ.ની નિધિ તેમણે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને અર્પિત કરી હતી. આ પ્રસંગે સમાજના પ્રમુખશ્રી કૃષ્ણકાંત વખારિયાએ વિશ્વ ગુજરાતી સમાજનો અને તેની પ્રવૃત્તિઓનો વિગતે પરિચય આપ્યો.

લૉર્ડ મેઘનાદ દેસાઈએ લોકશાહીને અનુરૂપ એવી વ્યવસ્થા સર્જવા માટે અને વડાપ્રધાનનાં ઉમદા કાર્યોને સહયોગ આપવાની વાત કરી હતી. તેમણે લંડનમાં સ્થાપવામાં આવનારી ગાંધી પ્રતિમા માટે ગુજરાતને ઉદારતાપૂર્વક ફાળો આપવાનો આગ્રહ કર્યો હતો. આ પ્રસંગે અમેરિકાના અગ્રણી ડૉ. સુધીર પરીખે પણ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. સમાજ તરફથી શ્રી દિગંત સોમપુરા અને શ્રી જયેશ પટેલને સમાજનું માનાર્હ સભ્યપદ આપ્યું. મહામંત્રીશ્રી વિષ્ણુ પંડ્યાએ ઉપસ્થિત મહાનુભાવોના પરિચય ઉપરાંત સન્માનપ્રાપ્ત અગ્રણીઓનું ગુજરાતને પ્રદાન વર્ણવતાં જણાવ્યું હતું કે, વિશ્વ ગુજરાતી સમાજનું આ સન્માન હવે તો ગુજરાતના નોબેલ પુરસ્કાર તરીકે ઓળખાય છે. આભારદર્શન સંયુક્ત મહામંત્રી બિંદુબહેન ઠાકરે કર્યું.

આ કાર્યક્રમમાં ડૉ. ધીરુભાઈ ઠાકરના પુત્ર શ્રી ભરત ઠાકર, શ્રી દિલિપ ઠાકર તથા એમના પુત્રી હિના શુક્લ ઉપરાંત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં તજ્જ્ઞો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત-અમેરિકા સંબંધો : નવો આશાવાદ

પ્રજાસત્તાક દિનની ઉજવણી આપણા રાષ્ટ્રીય જીવનનો અણમોલ અવસર છે. વિશેષ, વિશ્વ-નેતૃત્વ ધરાવતા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ સત્તાવાર રીતે સૌપ્રથમ વાર મુખ્ય અતિથિ તરીકે આ અવસરે હાજર રહ્યા હોય ત્યારે તે વિશેષ નોંધપાત્ર ઘટના બની જાય તે સ્વાભાવિક છે.

ભારત પ્રત્યે ઝુકી રહેલું અમેરિકા કેટલીક સ્પષ્ટ સમજથી વર્તી રહ્યું છે. વૈશ્વિક સ્તરે તે ભારતના વધતા જતા મહત્ત્વને સ્વીકારવા લાગ્યું છે. તે ભારતને વિશ્વની ઊભરતી આર્થિક મહાસત્તા તરીકે જોઈ રહ્યું છે. તે એશિયા ખાતે મજબૂત સાથીની અપેક્ષા રાખે છે તેથી ભારત સાથેના વેપારી અને વ્યૂહાત્મક સંબંધોને ગાઢ બનાવી આગળ વધવા ચાહે છે. આ સાથે તેની બીજી નેમ એ પણ છે કે આવા મજબૂત સંબંધોથી તે તેના મુખ્ય પ્રતિસ્પર્ધી દેશ ચીનને કાબૂમાં રાખી શકે. ચીનના વર્ચસને વધતું અટકાવવા અથવા તો તે વર્ચસને સમતોલ કરવા બાબતે ભારત અત્યંત અસરકારક પરિબળ બનવાની ક્ષમતા ધરાવે છે તે બાબતે અમેરિકા સ્પષ્ટ છે. આવી પૂર્વભૂમિકા સાથે અન્ય એક બાબતને જરૂર ગણનામાં લેવી જ જોઈશે, તે છે બિનનિવાસી ભારતીયો – ભારતીય ડાયસ્પોરા દ્વારા પણ ભારત-અમેરિકા સંબંધોને ઉષ્માભર્યા અને વધુ સહકારભર્યા બનાવવાનું દબાણ. બિનનિવાસી ભારતીયોનો મોટો વર્ગ અમેરિકાના રાજકારણમાં હવે સક્રિય બન્યો છે તેમજ તે મોટી મતબૅન્ક પણ છે. એશિયા ખાતેનાં સ્થાપિત હિતોને રક્ષવા ભારતની મૈત્રી અત્યંત ઉપયોગી પુરવાર થાય તેવી ગણતરી અહીં કામ કરી રહી છે. આવાં કારણોસર ભારત-અમેરિકા સંબંધોનો બીજો અધ્યાય આરંભાયો છે.

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા આ વેળાના પ્રજાસત્તાક-દિનના મુખ્ય મહેમાન હતા. ૨૫ જાન્યુઆરીથી ૨૭ જાન્યુઆરી સુધીની તેમની ત્રણ દિવસની ભારત-મુલાકાત કાર્યક્રમોથી ભરચક હતી તો ભારતની પ્રજા અને સરકાર માટે તે ભારે આશાવાદથી ભરપૂર હતી. આ ટાણે ભારત-અમેરિકામૈત્રીમાં નવાં પરિમાણો ઉમેરાયાં. પરસ્પર 'નમસ્તે' અને 'ધન્યવાદ' જેવા શબ્દોની આપલે થઈ. અમેરિકાના પ્રમુખે ભારત સરકાર અને પ્રજાની નજીક હોવાના દાવા સાથે વિવિધ શબ્દપ્રયોગો કરી આમજનતાને ખુશ કરી દીધી. મોદીએ બરાકને મિત્ર બનાવવાનો દાવો કર્યો. આ બધામાં સરકારની વાસ્તવિક ઉપલબ્ધિઓ શું રહી તે ઊંડા મૂલ્યાંકનની બાબત છે. પ્રમુખ બરાક ઓબામાએ નવી દિલ્હી ખાતેના સિરિ ફોર્ટ ઑડિટોરિયમ ખાતે આપેલું વક્તવ્ય ધ્યાનપાત્ર છે. તે અંગેની વિવિધ વિગતો પર નજર નાંખીએ તો કેટલીક બાબતો સ્પષ્ટ જણાઈ આવે તેમ છે. ૨૦૦૬માં ભારત-અમેરિકા વચ્ચેના અણુકરારનો અમલ મુશ્કેલીમાં હતો જેમાં રુકાવટનો મુદ્દો એ હતો કે ન્યૂક્લિયર એનર્જીની જાણકારી (ટૅક્નિકલ નો-હાઉ) અમેરિકા આપે પણ તેના પર અમેરિકાની દેખરેખ રહે. આ રીતે તેમાં એક જાતનો છૂપો અવિશ્વાસ હતો. દેખરેખ રાખવાની પૂરી વાત ઓબામાએ તેમના 'એક્ઝિક્યુટિવ પાવર'ની રૂએ

પડતી મૂકી ભારે મોટી છૂટ મૂકી અણુકરારને કાર્યાન્વિત કરવાની દિશામાં પગલું ભર્યું. આવો જ બીજો મહત્ત્વનો મુદ્દો આ અણુપ્લાન્ટમાં અકસ્માત સર્જાય તો શું તે અંગે હતો. આ બાબતે જવાબદારી કોની? આ પ્રશ્ન પણ ઉકેલની દિશામાં આગળ વધ્યો. જેમાં ભારતે સમાધાનવૃત્તિ બતાવી ૭૫૦ કરોડ રૂ.નું ફંડ રચવાની જવાબદારી સંયુક્ત – બંને પક્ષોની ઠેરવી તેમજ અકસ્માતે ૭૫૦ કરોડથી વધારે નુકસાન થાય તો ૭૫૦ કરોડ સુધીની જવાબદારી ભારત સરકાર વેઠશે તેમ જણાવ્યું. આથી અણુપ્લાન્ટ પૂરો પાડતા ઉદ્યોગોએ શાંતિ અનુભવી અને તેથી બંને પક્ષો વચ્ચેનો વિશ્વાસ વધ્યો.

ભારે આતંકવાદી માહોલ વચ્ચે અમેરિકાના પ્રમુખનું આગમન થયું. અમેરિકાની સરકારે પાકિસ્તાનને આતંકવાદી સંસ્થાઓ પર પ્રતિબંધ મૂકવા જણાવ્યું અને આતંકવાદી પ્રવૃત્તિઓ બંધ કરવા દબાણ કર્યું. પાકિસ્તાનને આતંકવાદનો ગઢ ગણાવી એ બાબતે હૈયાધારણ મેળવવા સક્રિયતા દાખવી. વધુમાં ભારતીય નાગરિકોની વિઝા તકલીફોને ઉકેલવાનું આશ્વાસન આપ્યું. લગભગ બાવન કલાકની મુલાકાત દરમિયાન તેઓ ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓને પણ મળ્યા. દેશની મહિલાશક્તિની નોંધ લીધી અને ખુદના અનુભવોને સ્વાભાવિકતાથી વ્યક્ત કર્યા.

રાજકીય સંદર્ભે મહત્ત્વનો મુદ્દો ભારતને સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિમાં કાયમી સભ્ય તરીકે સ્થાન મળે તે છે. આ બાબતે અમેરિકાના સહયોગની અનિવાર્યતા છે. ભારતે આ અંગે જરૂરી સંખ્યામાં સભ્ય દેશોનો ટેકો મેળવ્યો છે. પરંતુ હાલના કાયમી સભ્યો પૈકી ચીનને તેમાં ભારે વાંધો છે. આથી આ મુદ્દો ઊભો થાય ત્યારે ચીનના 'વીટો' સામે અમેરિકા પોતાની વગ વાપરે તેવી આશા બંધાય છે. જોકે આ બાબતે કશોયે સ્પષ્ટ અભિપ્રાય આપવાનું ઓબામાએ ટાળ્યું છે. અલબત્ત, આંતરરાષ્ટ્રીય ડિપ્લોમસીમાં આમ જ બને છે તે સ્વાભાવિક છે. છતાં સલામતી સમિતિની પુનર્રચનામાં અમેરિકા ભારતના કાયમી સભ્યપદને સમર્થન આપશે તેવાં તેમનાં નિવેદનોએ આ અંગે આશાવાદ ઊભો કર્યો છે. જો ખરેખર એમ બને તો જે તે સરકારની તે મોટી સિદ્ધિ લેખાય તે અંગે શંકા નથી.

આ વ્યાપક સંદર્ભે સાથે તેઓ છેલ્લા સમાચારો સંદર્ભે સ્પષ્ટ હતા અને તેથી ચેતવણીનો સૂર ઉચ્ચાર્યો કે ભારતે 'ધાર્મિક તિરાડો' અંગે વેળાસર જાગવું જરૂરી છે. બંધારણની કલમના ઉલ્લેખ સાથે તેમણે ધાર્મિક સહિષ્ણુતાની જરૂરિયાતને પુરસ્કારી. તેમની આ નુક્તેચીનીને ગંભીરતાથી વિચારવી રહી.

એકંદરે ભારત પ્રત્યેનું મિત્રાચારીભર્યું વલણ વ્યક્ત કરીને તેમણે વિદેશનીતિના ક્ષેત્રે નવી આશાઓનો સંચાર કર્યો છે. 'India and America : the future we can build together.' આ આશાવાદ સ્થાયી ભાવ બની રહે તેવી શુભેચ્છા બંને દેશોની પ્રજા ધરાવે છે.

રક્ષા મ. વ્યાસ

# ગુજરાતની કલાનો ઝળહળતો વિજયધ્વજ



કનુ દેસાઈ

ભરૂચના નાનકડા કિશોર કનુએ બાર વર્ષની નાની ઉંમરે માની ખોળો ગુમાવ્યો. તેને ઉછેરે તેવું ઘરમાં કોઈ હતું નહિ. પિતા હકૂમતરાય હરિનાથ દેસાઈ સરકારી કોર્ટમાં નોકરી કરે. પિતા એને અમદાવાદમાં મામા જયંતીલાલ ઠાકોરને ત્યાં મૂકી આવ્યા.

મામાએ કનુને પ્રોપ્રાઇટરી હાઈસ્કૂલમાં દાખલ કર્યો. કનુને ચિત્રો દોરવાની ઇચ્છા જન્મજાત હતી. સારાં ચિત્રો, સારી આકૃતિઓ, કંઈ પણ કલાત્મકતાનું તેને આકર્ષણ રહેતું. પણ એ સમયે કારકિર્દી તરીકે ચિત્રકામ કરવાનો તો ભૂખે મરવાનો ધંધો હતો. છાનોછપનો એ કાંઈ ને કંઈ ચિતરામણ કર્યા કરતો. મામા જાણી જાય તો આવી જ બને.

ગુજરાતમાં ચિત્રકલાના ક્ષેત્રે શૂન્યાવકાશ હતો. આ જ સમયમાં રવિશંકર રાવળ મુંબઈથી અમદાવાદ આવીને સ્થિર થયા હતા. સારંગપુરના અખાડામાં કસરત કરવા જતાં કનુને ખબર પડી કે રાયપુર-બઉવાની પોળમાં રવિશંકર રાવળ નામના ચિત્રકાર આવ્યા છે અને વિદ્યાર્થીઓને ચિત્રકામ શીખવે છે. કનુ મામા ન જાણે એમ રવિશંકર રાવળને મળ્યો અને છાનાછપનાં કરેલાં અનેક ચિતરામણો રવિભાઈને બતાવ્યાં.

રવિભાઈને કનુનાં ચિત્રોની રેખાઓ ઘડાયેલી લાગી. તેમને થયું કે એક દિવસ આ છોકરો ઘણો આગળ વધશે. એટલે એમણે કનુના મામાને જઈને કહ્યું કે કનુને ચિત્રકામ કરતો રોકે નહીં. આ દિશામાં તે જરૂર આગળ વધશે. મામાને તેમની વાતમાં વિશ્વાસ બેઠો. તેમણે કનુને નિરાંતે ચિત્ર કરવાની છૂટ આપી. કનુનો સમય શાળામાં અભ્યાસ ઉપરાંત હવે રવિભાઈને ત્યાં જ વીતવા લાગ્યો. નકલિયાં ચિત્રો બંધ થઈ ગયાં. તેને બદલે પૌરાણિક સાહિત્યમાંથી વિષયો પસંદ કરી સ્કેચબુકનાં પાનાં ઊભરવા માંડ્યાં. એ રેખાંકનોમાંથી મૌલિક ચિત્રોનું સર્જન થવા માંડ્યું.

ગુજરાત વિદ્યાપીઠમાં અવારનવાર ઉત્સવો યોજાતા. ત્યારે કાંઈક ને કાંઈક સુશોભનો કનુભાઈ કર્યા કરતા. એ નિમિત્તે ગાંધીજીના વિવિધ મુદ્રામાં સ્કેચ પણ કરતા. તે સમયે શ્રી કૃપાલાનીજી વિદ્યાપીઠના આચાર્ય હતા. તેમની નજર કનુભાઈની કલાકૃતિઓ પર પડતી. એક વાર તેમણે કનુભાઈને બોલાવીને સૂચન કર્યું : 'શાંતિનિકેતન જાઓ અને નંદલાલ બોઝ પાસે કલાની સાધના કરો.' કૃપાલાનીજીએ વિદ્યાપીઠ તરફથી શિષ્યવૃત્તિની



વ્યવસ્થા કરી આપી. કનુભાઈ તો રાજી રાજી થઈ ગયા. રજી જુલાઈ, ૧૯૨૫ના દિને શાંતિનિકેતન જવા રવાના થયા.

આગળથી થયેલી ગોઠવણ મુજબ ચાંપશીભાઈ ઉદેશી કનુભાઈને પોતાના ઘેર લઈ ગયા. શરૂઆતના થોડા દિવસ કનુભાઈ ત્યાં જ રહ્યા. કનુભાઈ બે વર્ષ શાંતિનિકેતન રહ્યા તે દરમિયાન એમણે ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંના અનેક સંસ્કાર પચાવ્યા. પ્રત્યેક વસ્તુના સર્જનમાં ભારતીય સ્પર્શ અને કલામયતા દાખવવાની એમની દૃષ્ટિ ખીલી. અમદાવાદ આવીને પૂર્વશરત પ્રમાણે એમણે ત્રણ વર્ષ સુધી ગુજરાત વિદ્યાપીઠમાં સેવા આપી. દરમિયાન જે શૈલીથી 'કુમાર' દ્વારા પ્રસિદ્ધિના ક્ષેત્રમાં પહેલી પગલી પાડી હતી તેથી 'કુમાર' માસિકમાં તેમનાં ચિત્રો પ્રગટ થતાં હોઈ તેમનાં ચિત્રો દ્વારા તેઓ જાણીતા થઈ ગયા. એમનો પ્રથમ સંપુટ 'સત્તર છાયાચિત્રો' ઈ. સ. ૧૯૨૯માં પ્રકટ કર્યો.

એ જમાનો હતો - જ્યારે કળા, ચિત્ર-શિલ્પકળા માત્ર રાજા-મહારાજાઓના મહેલો કે શ્રીમંતોનાં ઘરોની જ શોભા હતી, સામાન્યજન પાસે એ કળા સુધી પહોંચવા માટે ન તો આર્થિક સમૃદ્ધિ હતી કે ન તો એ રુચિ ઊઘડે તેવી હૃદયની સંસ્કારસંપન્નતા. તેવા સમયે કનુ દેસાઈએ કલાને સામાન્યજન સુધી પહોંચાડી. ગુજરાતનાં લગભગ ઘરેઘરમાં એમની કલાનો સીધો કે આડકતરો, ઓછો કે વધુ પ્રભાવ રહ્યો હતો. એક મધ્યમવર્ગી ઘરમાં પણ એમના સુંદર ચિત્રથી લટકતું કેલેન્ડર હોય, કાં તો એમનું એકાદ ફ્રેમમાં મઢેલું ચિત્ર લટકતું હોય. બીજે વર્ષે ગાંધીજીએ ૧૨મી માર્ચે - કનુ દેસાઈના જન્મદિવસે દાંડીયાત્રાની શરૂઆત કરી, તેમાં એમણે ભાગ લીધો. એની સ્મૃતિ પરથી કનુભાઈએ 'ભારત પુણ્યપ્રવાસ' નામે દાંડીયાત્રાનો એક ચિત્રસંપુટ પ્રકટ કર્યો.

૧૯૩૮માં કનુભાઈને એમની કલાપ્રવૃત્તિ માટે ગુજરાત સાહિત્ય સભાનો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો. રવિશંકર રાવળ ને નંદબાબુ સાથે હરિપુરા કોંગ્રેસનું શોભનકાર્ય એમને પણ સોંપાયું. આ જ અરસામાં પ્રકાશ પિક્ચર્સ દ્વારા સ્વ. ર. વ.

દેસાઈની નવલકથા પરથી તૈયાર થતી 'પૂર્ણિમા' ફિલ્મનું કલાનિર્દેશન કરવા એમને મુંબઈથી આમંત્રણ મળ્યું. કનુભાઈમાં આ માટે પૂરતી સૂઝ હતી, પણ ફિલ્મ-ઉદ્યોગમાં આ કાર્યનું એ સમયે ખાસ મહત્ત્વ ન હતું. કનુભાઈએ મળેલી તક દ્વારા જે સિદ્ધ કરી બતાવ્યું તેની કીર્તિ ગુજરાતના સીમાડા વળોટી ગઈ. પછી તો 'ભરત મિલાપ', 'રામરાજ્ય' વગેરે અનેક ફિલ્મોમાં એમણે કલા-દિગ્દર્શન કર્યું. એમના આ કામથી પ્રભાવિત થઈ સ્વરકિન્નરી એમ. એસ. શુભલક્ષ્મીની 'મીરા'નું કલાનિર્દેશન એમને સોંપાયું અને દક્ષિણ ભારતમાં પણ કનુભાઈ વિખ્યાત થઈ ગયા.

ઈ. સ. ૧૯૫૩માં સુખ્યાત દિગ્દર્શક વી. શાંતારામે પોતાના પ્રથમ રંગીન ચિત્ર 'ઝનક ઝનક પાયલ બાજે'નું કલાદિગ્દર્શન કનુભાઈને સોંપ્યું.એ અનેરી તક ઝડપી લઈને ફિલ્મમાં રજૂ થતી નાનામાં નાની ચીજથી માંડી ભવ્ય સેટરચના સુધીમાં એમણે જે કલા પાથરી તેનાથી પ્રભાવિત થઈ શાંતારામે એમનાં બીજાં ચિત્રો પણ એમને જ સોંપી દીધાં. આ કાર્યોએ કનુભાઈને મુંબઈવાસી બનાવી દીધા.

૧૯૬૪માં ન્યૂ યૉર્કમાં 'નિકોલસ રોરિક મ્યુઝિયમ'માં પોતાનાં સાઠ જેટલાં ચિત્રો પ્રદર્શિત કરવા તેઓ અમેરિકા ગયા. છ અઠવાડિયાં સુધી ચાલુ રહેલા એ પ્રદર્શને ત્યાં 'સાચું ભારતદર્શન' કરાવ્યું. ઈ. સ. ૧૯૬૫માં ગુજરાત સરકારે એમનું સન્માન કર્યું. ગાંધી-જન્મશતાબ્દીની ઉજવણી સમયે કનુભાઈએ ગાંધીજીની જીવનકથા વર્ણવતી સોળ-સોળ ડબ્બાની બે આખી ટ્રેન સુશોભિત કરી આપી હતી. આ પ્રદર્શન-ગાડીએ કનુ દેસાઈની કલાશક્તિને સમગ્ર દેશમાં પ્રદર્શિત કરી.

આ ઉપરાંત પણ બીજાં અનેક માન-સન્માનો એમણે મેળવ્યાં છે. પુસ્તકોનાં લગભગ પાંચેક હજાર જેટલાં કથાચિત્રો, સુશોભનો ને આવરણો, ૩૦ ચિત્રસંપુટો, ૫૫થીયે વધુ ફિલ્મનું કલાદિગ્દર્શન વગેરે જેવા નાનામોટા સેંકડો કલામય નમૂનાઓ વગેરેમાંના એમની કલાના વિસ્તૃત વ્યાપ વડે એમણે જનસમાજમાં એ કલાપ્રેમ પ્રકટાવ્યો છે. કનુભાઈની સિદ્ધિ એમના કલાસર્જન ઉપરાંત બહુજનસમાજને પણ કલાભિમુખ બનાવ્યો તે પણ ગણાવી જોઈએ. ગુજરાતની અસ્મિતાની કૂચમાં ગુજરાતની કલાનો ઝળહળતો ધ્વજ ફરકે છે અને રાજ્ય બહાર પણ તેની ખ્યાતિ પ્રસરી ચૂકી છે. એ પ્રકાશ પાથરનારાઓમાં કનુ દેસાઈનું નામ સદા અગ્રગણ્ય રહેશે.

– રજની વ્યાસ

## વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. □

# યાદોના અજવાળે આરંભાયો અનુ-ધીરુભાઈ યુગ-૨

યુગાંતરના પ્રશ્નો અને પડકારો માટે તેણે આગામી વર્ષો દરમિયાન ઉત્તરોત્તર વધુ ને વધુ સજ્જ થતા રહેવું પડશે એ એક અપરિહાર્ય વાસ્તવિકતા છે.

*યુગાંતરના પડકારો :* એક યુગ સમાપ્ત થાય અને બીજો આરંભાય એ તો નિયતિનો ક્રમ છે જેને માનવસમાજે સ્વીકાર્યો છે. માટે જ અંગ્રેજીની આ ઉક્તિ વારંવાર ઉદ્ધૃત થતી સાંભળવા મળે છે ને :

'The old order changeth,
And gives place to the new'

એમાંય વળી અંગ્રેજ કવિ Lord Tennyson – એમણે તો યુગાંતર માટે સક્રિયતાવાદ(Initiativism)નું સમર્થન કરતાં ગાયું છે :

'Ring out the old
Ring in the new
Ring out the false
Ring in the true'

આવા ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિશ્વકોશે 'ધીરુભાઈ યુગ' સમાપ્ત થતાં 'અનુ-ધીરુભાઈ યુગ'માં પ્રવેશ કરીને, નવા યુગના એક વર્ષની હલ-ચલ, ગતિ-વિધિ, કારોબાર વગેરેની નવી માંડણી સંતોષકારક રીતે કરી છે જે એક વિશ્વાસપૂર્વકની યાત્રાનો સંકેત કરે છે.

પરંતુ, મજલ તો લાંબી છે અને આવનારા અનંત ભવિષ્યમાં એ ખેડવાની છે. વિચારવંત (Proactive) મુસાફરે ભવિષ્યમાં હાથ ધરાનારી સફર વિશે ચિંતા સેવવી રહી, એના પૂર્વાપર સંદર્ભો જોવા જ રહ્યા, અને વણચિંત્યા પરિપ્રેક્ષ્યોની પૂર્વધારણા અને આગાહીઓ કરવી જ રહી. ટૂંકમાં તેમણે અડચણો, અવરોધો અને અકસ્માતો માટે તૈયાર રહેવું જ રહ્યું. આ માટે 'ધીરુભાઈ યુગ'નો વારસો અને તેની યાદો આવી સર્વગ્રાહી અગ્રિમ વિચારણા માટે પાયાનો આધાર બની શક્યો. પછી આ આધારોને ખ્યાલમાં રાખી, આવનારા પડકારો માટે તૈયારીઓ કરવી પડશે. તો જોઈએ 'ધીરુભાઈ યુગ'નો એ વારસો.

*સંકલ્પનાત્મક વારસો :* આ વારસામાં નીચેનાંનો સમાવેશ થશે :

(૧) ધીરુભાઈનું પાયાનું દર્શન-જીવન વિશે, જ્ઞાન વિશે, વિદ્યા વિશે, વિશ્વકોશ વિશે, ગુજરાતના જનજીવન અને તેના વિકાસ વિશે વગેરે.
(૨) ધીરુભાઈની જીવનશૈલી અને તેની ખૂબીઓ.
(૩) ધીરુભાઈની કાર્યશૈલી અને તેની વિશિષ્ટતાઓ.
(૪) ધીરુભાઈની મૂલ્યસૃષ્ટિ, તેનો વ્યાપ અને ફલિતાર્થ.
(૫) ધીરુભાઈનું વસિયતનામું, અણલિખિત છતાં જાહેર.

*સંસ્થાકીય વારસો :* જેમાં નીચેનાંનો સમાવેશ થશે :

(૧) ગુજરાત વિશ્વકોશનું આંદોલન અને તેના પડઘા.

(૨) વિશ્વકોશની સંરચના અને પેટા-સંરચનાઓ.

(૩) વિશ્વકોશનું કાયદાકીય સ્વરૂપ, બંધારણ, નિયમો વગેરે.

(૪) વિશ્વકોશની ભૌતિક સંપદા : મકાન, સાધનો, પુસ્તકો, નાણાંભંડોળ વગેરે.

*વિશ્વકોશનાં ભૌતિક નિર્માણો* : જેમાં નીચેનાંનો સમાવેશ થશે :

(૧) વિશ્વકોશના પાયાના ૨૫ ગ્રંથો, આવૃત્તિઓ.

(૨) અન્ય વિવિધ પ્રકાશનો, પુસ્તકો, પુસ્તિકાઓ વગેરે.

(૩) સહાયક સાહિત્ય સામગ્રીઓ, જેમ કે પ્રચારનું સાહિત્ય.

*વિશ્વકોશની વિવિધ સેવાઓ* : જેમાં નીચેનાંનો સમાવેશ થશે :

(૧) વિશ્વકોશની વિવિધ પેટાસંસ્થાઓ જેવી કે આર્ટ ગેલરી, લલિતકલાકેન્દ્ર વગેરેની પ્રવૃત્તિઓ.

(૨) પ્રસારણ વિતરણ– Marketing વગેરેની સેવાઓ.

(૩) શિક્ષણપોષક પ્રત્યક્ષ અને પરોક્ષ સેવાઓ.

(૪) પ્રકાશન અનેક સંશોધનલક્ષી સેવાઓ.

(૫) સામાજિક સંકલન અને વિકાસપોષક પ્રવૃત્તિઓ.

(૬) અન્ય હાથ ધરાતી સર્જનાત્મક પ્રવૃત્તિઓ જેવી કે તાલીમી કાર્યક્રમ, સેમિનાર વગેરે.

'ધીરુભાઈ યુગ' અઠ્ઠાવીસ વર્ષ દરમિયાન જે અજીબોગરીબ સિદ્ધિઓ હાંસલ કરી તેનો આછેરો ખ્યાલ ઉપર જણાવેલ વારસાની લાંબી યાદી પરથી આવે છે. એની પાછળ પ્રેરકબળ હતું ધીરુભાઈના દર્શનનું, એમની દીર્ઘદૃષ્ટિનું, એમનાં આયોજનોનું, માનવસંસાધનને એમણે આપેલી તાલીમનું અને સકળ વિશ્વકોશ પરિવારની અખંડ તપસ્યાનું. એ સમૃદ્ધ વારસાના અસબાબ સાથે 'અનુ–ધીરુભાઈ યુગ'ના પરિવારે આરંભ કર્યો છે. એ અસબાબ જે તે સમયના સંદર્ભે નિર્માણ પામેલો યાદ રાખવું રહ્યું.

વિશ્વકોશના ૨૮મા સ્થાપનાદિને પોતાના વિદાય-વ્યાખ્યાનમાં ધીરુભાઈએ કહેલું કે : 'વિશ્વકોશનાં અઠ્ઠાવીસ વર્ષ એટલે એનો ભરજુવાની કાળ, ઊંચી મહત્ત્વાકાંક્ષા અને રોમાન્સનો સુવર્ણકાળ, આનંદ, ઉત્સાહ અને પુરુષાર્થનો ઉત્સવ. માનવજ્ઞાનની સર્વાંગીણ ઉન્નતિનો સમય'. આવી સિદ્ધિની રોમાંચક ઘડીએ તેમણે વિશ્વકોશ પરિવારને સલાહ આપતાં કહ્યું હતું કે, આજનો દિવસ જ્ઞાનપ્રેરિત નમ્રતાની ઉપાસનાનો છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો વિશ્વકોશના સાધકો માટે આજનો દિવસ આત્મનિરીક્ષણ તથા આત્મવિકાસનો દિવસ પણ બની રહેવો જોઈએ.'

આજના ૨૯મા સ્થાપનાદિને ધીરુભાઈનાં એ પ્રેરક વેણને દોહરાવવાની હું મારી ફરજ સમજું છું. વિશેષ તો 'અનુ–ધીરુભાઈ યુગ' એમની અનેકાનેક યાદોના પુનિત અજવાળે આરંભાયો છે. એમના જ શબ્દોમાં : 'જ્ઞાન અનાદિ અને અનંત છે. મનુષ્યજીવન છે ત્યાં સુધી એ પ્રવાહ ટકવાનો છે. વિશ્વકોશ એટલે સત્યશોધની લાંબી યાત્રા. વિશ્વકોશનું કામ સત્યને – પૂર્ણસત્યને–પામવા માટેનો એક પવિત્ર અને રસપ્રદ

ઉપક્રમ છે...દેશના સર્વાંગીણ સાંસ્કૃતિક વિકાસમાં વિશ્વકોશ અગત્યનો ભાગ ભજવી શકે છે.' પછી પરિવારને અપીલ કરતાં તેઓએ અનુરોધ કર્યો કે : 'વિશ્વકોશના કર્ણધારો તથા કર્મશીલો પોતાના કર્તવ્યનું સતત સ્મરણ કરે અને તેને અમલમાં મૂકી માહિતીજ્ઞાનના અવનવા આયામો સિદ્ધ કરે એ જરૂરી છે. બદલાતા સમય સાથે વિશ્વકોશનો અનુબંધ પણ બરોબર રીતે જળવાતો રહે એ ઇષ્ટ છે.'

આમ, 'અનુ-ધીરુભાઈ યુગ'નો તો હાલ પૂરતો સંતોષ આપે એવો આરંભ થઈ ચૂક્યો છે, ત્યારે બે યુગોના મિલન સમયે સૌએ પેલું આત્મનિરીક્ષણ કરતા રહેવાનું પણ લેવું જોઈએ. યુગાન્તરને ટાણે, બધા જ પ્રકારનો આત્મસંતોષ ભાવ (somnolescence) બાજુએ મૂકીને પોતાની જાતને નીચે સૂચવેલા પ્રશ્નો પૂછવાની અને એમના ઉત્તરો મેળવવાની માનસિક કવાયત પ્રામાણિક અને પારદર્શી રીતે, વારંવાર કરતા રહેવી પડશે. આ રહ્યા એ પ્રશ્નો :

પ્રશ્ન-૧ શું ધીરુભાઈ યુગનો સમગ્ર વારસો બદલાતા જતા ગુજરાતના, ભારત દેશના અને વિશ્વના અનેકવિધ સંદર્ભો સાથે બંધ બેસે છે ? જો ના, તો તે માટે તમે શા ફેરફારો સૂચવો છો ?

પ્રશ્ન-૨ દેશ અને દુનિયામાં થઈ રહેલાં જ્ઞાન, વિજ્ઞાન, ચિંતન, ટૅકનૉલૉજી, સંસ્કૃતિ અને જીવનશૈલીનાં ક્ષેત્રોનાં અવનવાં પરિવર્તનો વિશ્વકોશનાં હાલનાં પ્રાવધાનો, પ્રવૃત્તિઓ અને સાધનોમાં પર્યાપ્ત રીતે પ્રતિબિંબિત થાય છે ? જો ના, તો એ માટે શાં પગલાં લેવાં જોઈએ?

પ્રશ્ન-૩ પોતાનાં દર્શન અને દૃષ્ટિ(vision)ને અનુરૂપ નવા આકાર લઈ રહેલા વૈશ્વિક સંદર્ભને પહોંચી વળવા, વિશ્વકોશે કયાં કયાં નવપ્રસ્થાનો (Innovations) હાથ ધરવાં જોઈએ ? એ માટે શી પૂર્વતૈયારીઓ કરવી જોઈશે ?

પ્રશ્ન-૪ શિક્ષણ, જ્ઞાન, સંસ્કૃતિ વગેરે ક્ષેત્રોએ વિશ્વકોશની વિવિધ કામગીરીઓને વધુ સફળ અને અર્થપૂર્ણ બનાવતા રહેવા માટે કેવાં કેવાં સંશોધનો હાથ ધરવાં પડશે ? એ માટે કેવી પૂર્વતૈયારીઓ કરવી પડશે?

ઉપસંહાર : તો આવો, આપણે સૌ વિશ્વકોશના પરિવારજનો આજના ઓગણત્રીસમા સ્થાપનાદિને સંકલ્પબદ્ધ થઈએ અને 'અનુ–ધીરુભાઈ યુગ'ને આપણા સૌના સંનિષ્ઠ પ્રયાસ વડે જ્ઞાનસેવા કાજે વધુ કારગત બનાવીએ. આપણે આજે વિશ્વકોશ મિશનને શ્રદ્ધાપૂર્વક પુનઃ સમર્પિત થઈએ અને આગામી દિવસોમાં એ પવિત્ર મિશનને સફળ બનાવવા આપણી જાત સાથે કરારબદ્ધ થઈએ અને નીચેના શપથ લઈએ :

તું ન થકેગા કભી<br>
તું ન મુડેગા કભી ।<br>
તું ન થમેગા કભી<br>
કર શપથ અગ્નિ પથ ॥

– દાઉદભાઈ ઘાંચી


*(વિશ્વકોશના ૨૯મા સ્થાપના દિને આપેલું વ્યાખ્યાન)*

# વિશ્વકપ : ભારત માટે કપરાં ચઢાણ

ચૌદમી ફેબ્રુઆરીથી ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડમાં અગિયારમી વિશ્વકપ સ્પર્ધા શરૂ થઈ રહી છે. બંને દેશોએ બીજી વખત વિશ્વકપ સ્પર્ધાનું સંયુક્ત રીતે આયોજન કર્યું છે. ટેસ્ટ ક્રિકેટ રમતા દસ દેશ સિવાય આયર્લૅન્ડ, સ્કૉટલૅન્ડ, અફઘાનિસ્તાન અને યુ.એ.ઈ. એમ ચૌદ દેશ આ વખતે સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. દરેકને બે ગ્રૂપમાં વહેંચવામાં આવ્યા છે. દરેક ગ્રૂપના દેશ એકબીજા સાથે મૅચો રમશે અને બંને ગ્રૂપની પ્રથમ ચાર ટીમ વચ્ચે ક્વાર્ટર ફાઇનલ, ત્યારબાદ સેમીફાઇનલ અને અંતે ૨૯ માર્ચના રોજ ઑસ્ટ્રેલિયાના સૌથી જૂના મેલબૉર્ન ક્રિકેટગ્રાઉન્ડ પર ફાઇનલ મૅચ રમાશે.

આ વિશ્વકપ સ્પર્ધા બંને દેશના સાત સાત મેદાન ઉપર રમાશે. કુલ ૪૯ મૅચમાંથી ઑસ્ટ્રેલિયામાં ૨૬ અને ન્યૂઝીલૅન્ડમાં ૨૩ મૅચ રમાશે. આ સમયે વિશ્વકપમાં દરેકની નજર ગઈ વખતની ચૅમ્પિયન ભારતીય ટીમ ઉપર રહેશે. બી ગ્રૂપમાં ભારતે સૌથી જોરદાર મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે કરવાનો છે. તે સિવાય બીજી ટેસ્ટ રમતી ટીમો પાકિસ્તાન, વેસ્ટ ઇન્ડીઝ અને ઝિમ્બાબ્વે છે. આ જોતાં ભારત ક્વાર્ટર ફાઇનલમાં તો ખૂબ જ સરળતાથી પહોંચી જશે.

૨૫૦થી વધુ વન-ડે રમી ચૂકેલ અને ૨૦૧૧ના વિશ્વકપ વિજેતા ભારતીય ટીમનું સુકાનીપદ આ વખતે પણ મહેન્દ્રસિંહ ધોની પાસે છે. 'કૂલ કૅપ્ટન' તરીકેની તેની છાપ ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ છે. તેની સામે અત્યારે સૌથી શ્રેષ્ઠ ફૉર્મમાં રમતા વિરાટ કોહલી પર પણ તેટલો જ આધાર છે. ભારત માટે સૌથી મોટો લાભ એ છે કે છેલ્લા બે માસથી ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયામાં રમી રહી છે. ચાર ટેસ્ટ અને ઇંગ્લૅન્ડ સાથે એક ત્રિકોણીય સ્પર્ધા રમી ચૂકેલા ભારતના ખેલાડીઓને ઑસ્ટ્રેલિયાની પીચો અને વાતાવરણનો સંપૂર્ણ પરિચય છે, જ્યાં તેને પોતાની ચાર પ્રારંભિક મૅચ રમવાની છે; જ્યારે આયર્લૅન્ડ અને ઝિમ્બાબ્વે સામેની બે મૅચ ન્યૂઝીલૅન્ડમાં રમાવાની છે.



મહેન્દ્રસિંહ ધોની

ગ્રૂપ 'એ'માં ઑસ્ટ્રેલિયા સૌથી ફેવરિટ ટીમ છે, જે આ વિશ્વકપમાં ભારતને ટક્કર આપી શકશે. તેની સાથે શ્રીલંકા, ઇંગ્લૅન્ડ અને ન્યૂઝીલૅન્ડની ટીમો પણ ગમે ત્યારે મૅચમાં અપસેટ સર્જી શકે તેમ છે. ન્યૂઝીલૅન્ડને પોતાના હોમ ગ્રાઉન્ડનો ફાયદો તો છે જ, ઉપરાંત તાજેતરમાં તેણે શ્રીલંકાને સાત વન-ડેની શ્રેણીમાં પણ પરાજિત કર્યું છે. તેથી આ વખતે ન્યૂઝીલૅન્ડ સેમીફાઇનલ સુધી પહોંચી શકે તેવી પૂરી શક્યતા છે.

યુવા ખેલાડીઓની બનેલી ભારતીય ટીમ આત્મવિશ્વાસથી ભરપૂર છે. બેટિંગ હરોળમાં ધોની અને વિરાટ કોહલી સિવાય રોહિત શર્મા છે કે જેણે તાજેતરમાં જ વન-ડે ક્રિકેટનો સૌથી મોટો ૨૬૪ રનનો જુમલો નોંધાવ્યો છે તે સિવાય સુરેશ રૈના, અજિંક્ય રહાણે અને રવીન્દ્ર જાડેજા તો ફાસ્ટ બોલરો ઈશાન્ત શર્મા, મહંમદ શમી અને ભુવનેશ્વર કુમાર જેવા ખેલાડીઓ છે. ગુજરાતના ઓલરાઉન્ડર અક્ષર પટેલ કે જે આ ટીમનો સૌથી યુવાન ખેલાડી છે તેણે પણ પોતાની બેટિંગ અને બોલિંગ બંનેનો પરિચય ઘરેલુ મેચોમાં આપેલો જ છે. ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની ફાસ્ટ પીચો પર સ્પીનરોના ભાગે ખાસ સફળતા આવતી નથી, આમ છતાં રવિચંદ્રન અશ્વિન કોઈ પણ ટીમને મુશ્કેલીમાં મૂકવા સક્ષમ છે અને સાથે સાથે સાતમા કે આઠમા ક્રમે આવી ઉપયોગી રન પણ કરી શકે છે. આમ આ વખતની ભારતીય ટીમ ત્રીજી વખત પણ વિશ્વકપ વિજેતા બને તેવી પૂરી શક્યતા છે.

વિશ્વકપના વિક્રમો તરફ થોડી નજર કરીએ તો ટીમનો શ્રેષ્ઠ જુમલો ભારતે બરમુડા સામે ૨૦૦૭ના વિશ્વકપમાં પાંચ વિકેટે ૪૧૩ રન કરી નોંધાવ્યો છે, તો સૌથી મોટો વિજય પણ ભારતે ૨૫૭ રનથી બરમુડા સામેની મેચમાં મેળવ્યો છે. વિશ્વકપમાં સૌથી વધુ રન (૨૨૭૮), સૌથી વધુ મેન ઑફ ધી મેચ (૮ વખત), એક વિશ્વકપમાં સૌથી વધુ રન (૬૭૩–૨૦૦૩ના વિશ્વકપમાં), સૌથી વધુ સદી (૬), સૌથી વધુ અડધી સદી (૧૫) જેવા વિક્રમો લિટલમાસ્ટર સચિન તેંડુલકરના નામે છે. ભારતે અત્યાર સુધી વિશ્વકપમાં ૬૭માંથી ૩૯ મેચમાં વિજય મેળવ્યો છે. જે સફળતાની દૃષ્ટિએ ઑસ્ટ્રેલિયા ૭૪ % અને દ. આફ્રિકાના ૬૬ % પછી ત્રીજા ક્રમે છે.

ચાર વખત વિશ્વકપ વિજેતા બનેલી ઑસ્ટ્રેલિયાની ટીમ પણ વિશ્વકપની પ્રબળ દાવેદાર છે. તેના ખેલાડીઓમાં સ્ટીવન સ્મિથ સૌથી ખતરનાક ફોર્મમાં રમી રહ્યો છે. ભારત સામેની ટેસ્ટ શ્રેણીમાં અને વન-ડેમાં પણ તેણે અદ્‌ભુત દેખાવ કર્યો છે. આ સિવાય ડેવિડ વોર્નર, એરન ફીંચ તથા શેન વોટસન સુકાની માઇકલ ક્લાર્ક સાથે બેટિંગનો હવાલો સંભાળે છે, તો ફાસ્ટ બોલિંગમાં મીચેલ સ્ટાર્ક ખતરનાક ફોર્મમાં છે અને તેને સાથ આપવા જોશ હેઝલવુડ, મીચેલ જ્હોનસન પેટ કમીન્સ છે. આમ જો કોઈ મોટો અપસેટ ના સર્જાય તો ભારત અને ઑસ્ટ્રેલિયા બેમાંથી એક ટીમ ફાઇનલ વિજેતા બની શકે તેમ છે. જોકે ૧૯૯૨થી વિશ્વકપ રમતી અને અત્યાર સુધી બીજા નંબરે સૌથી વધુ મેચ જીતનાર દક્ષિણ આફ્રિકાની ટીમને અત્યાર સુધી કિસ્મતે સાથ નથી આપ્યો તેથી ફાઇનલ સુધી નથી પહોંચી શકી, તે પણ આ વખતે

(અનુસંધાન અઢારમા પાને)

# ૨૦૧૪ના વિજ્ઞાનનાં સીમાચિહ્નો

૨૦૧૪ના વર્ષે વિદાય લીધી ત્યારે આપણે સરવૈયું કાઢીએ કે વિજ્ઞાનની શોધો વીતેલા વર્ષમાં થઈ છે તેમાં સીમાચિહ્નોની શોધો કઈ ગણી શકાય ? એવી દશ શોધોની વાત કરવાની છે જેણે નવો ચીલો ચાતર્યો હોય. અંગ્રેજીમાં તેને 'બ્રેક થ્રુ' કહી શકાય. અલબત્ત આપણે તે બધી શોધોને વિગતવાર ચર્ચવાનો અવકાશ નથી; પરંતુ તે પૈકી કેટલીક શોધો વિશે જાણીએ. અલબત્ત આ દશ શોધો પૈકી સીધી આપણને અસરકરતા કઈ કઈ છે ?

યુરોપિયન સ્પેસ એજન્સીએ 'રોઝેટા' યાન નિર્ધારિત કરેલા ધૂમકેતુ ૬૭ પી/ચુર્યુમોવ–ગેરાસિમેન્કોની નજીક ઑગસ્ટ, ૨૦૧૪માં પહોંચેલું અને નવેમ્બર, ૨૦૧૪માં ધૂમકેતુ ફરતે પરિભ્રમણ કરતાં કરતાં તેણે 'ફિલી' નામનો પ્રોબ ધૂમકેતુ પર ઉતરાણ કરવા છૂટો મૂકેલો. રોઝેટાને ધૂમકેતુથી ૧૦ કિલોમીટર ઊંચે પરિભ્રમણ કક્ષામાં મૂકેલ. આ રીતે કોઈ ધૂમકેતુ પર માનવસર્જિત સાધનને હળવું ઉતરાણ કરાવવાનો પહેલો દાખલો છે. ધૂમકેતુમાં સૌરમંડળના જન્મનાં ચિહ્નો હોવાની સંભાવના છે. ધૂમકેતુમાં દુર્લભ ખનિજો હોવાની શક્યતા છે.

બીજી શોધમાં ટચૂકડા રોબોટનું એક લશ્કર તૈયાર થયું છે. તે દરેકની સાઇઝ અમેરિકન 'પાવલી' જેવડી છે. તેઓ એકબીજાના સહકારમાં પ્રાથમિક કક્ષાનાં કામ કરે છે. તે માટે નવા પ્રકારનું સૉફ્ટવેર ઉપયોગમાં લે છે. એક હજાર રોબોટનું લશ્કર ચોરસ આકારમાં ગોઠવાઈને કે બીજા સરળ આકારમાં ગોઠવાઈને એક સાથે કૂચ કરે છે. વળી આ રોબોટ ખર્ચાળ નથી.

બીજા રોબોટ કે જે સમૂહમાં કામ કરે છે તે ૧૦ ક્વોડકોપ્ટર છે. તેને ટચૂકડા ચાર ખૂણાવાળા હેલિકોપ્ટર કહી શકાય. તે રેડિયો-કોમ્યુનિકેશનથી એકબીજાના સંપર્કમાં હોય છે અને તે ઉડાનપથ એ રીતે રાખતાં જાય છે કે તે એકબીજા અથડામણ પામે નહીં.

ઊધઈમાંથી પ્રેરણા લઈ બીજા રોબોટના સમૂહને એવી રીતે 'પ્રોગ્રામ' કરી શકાય છે કે તેઓ નાની નાની સંરચના (structure) બનાવે છે. તે બે બાબતો ધ્યાનમાં રાખે છે. એક તો જે પ્રગતિ થાય છે તેનું સંવેદન કરે છે અને બીજું દખલ કરવાની જરૂર છે કે નહીં તે સંવેદન કરે છે. આ સંવેદનના આધારે સંરચનાનું બાંધકામ કરવા માટે જે પગલાં લેવાં હોય તે લે છે.

ત્રીજી મહત્ત્વની શોધ પક્ષીઓની ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ તે વિશે છે. આપણને જાણીને આશ્ચર્ય થાય કે ડાયનોસોર જેવાં મહાકાય પ્રાણીઓ પ્રાચીન કાળમાં હતાં. અલબત્ત ડાયનોસોર ઘણા ઘણા તબક્કામાંથી પસાર થઈ પક્ષી બન્યાં. આવાં મહાકાય પ્રાણીઓ અનેક તબક્કાઓમાંથી પસાર થઈ ચપળ અને ચાલાક પંખી બન્યાં. આજે આપણે તેને ઊડતાં જોઈ શકીએ છીએ. ૨૦૧૪માં ઉત્ક્રાંતિના જીવવિજ્ઞાનીઓ છેવટે સંમત થયા કે રીતિ (mode) અને તાલ તેમજ ગતિની માત્રા આ મહાઉત્ક્રાંતિની સંક્રાન્તિ કેવી રીતે થઈ ?

વૈજ્ઞાનિકોનાં કેટલાંક જૂથે અગાઉના ડાયનોસોરનો ડેટા એકત્ર કર્યો. પુરાતન

પક્ષીઓના જીવાશ્મ તેમજ વિદ્યમાન પક્ષીઓના ડેટા એકત્ર કર્યા. તેઓ એ શોધવા માંગતા હતા કે પાંખો સિવાયનાં તેમનાં અન્ય લક્ષણોની ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ ? જેથી ડાયનોસૉરમાંથી પક્ષીમાં પરિવર્તન આવ્યું. તેમણે શોધ્યું કે ડાયનોસૉર જે અંતે પાંખવાળાં પક્ષીમાં પરિણમ્યાં. તે ધીમે ધીમે નાનાં થતાં ગયાં અને તેમના હાડકાં સમય જતાં નાજુક થતાં ગયાં.

એક વખત શરીરનું આયોજન નિશ્ચિત થયું એટલે પક્ષીઓની નવી જાતિઓ ઝડપથી અસ્તિત્વમાં આવી.

એક શોધ એવી થઈ કે માણસની વયસ્કતા (aging) ઉલટાવી શકાય તે હવે માત્ર પરીકથાનો વિષય રહ્યો નથી. તેનો કંઈક ઉત્તર યુવા ઉંદરના રક્તમાં મળી આવે છે. યુવા ઉંદરના રક્તથી તેનાં હૃદય, દિમાગ અને સ્નાયુની વયસ્કતા (aging) વૃદ્ધ ઉંદરમાં ઉલટાવી શકાય છે. સંશોધકોના એક જૂથે શોધી કાઢ્યું કે રક્તમાંનું જીડીએફ ૧૧ (GDF 11) નામનું ઘટક હૃદયને ફરી યુવાન બનાવે છે. તે વૃદ્ધના અંદરના સ્નાયુઓને મજબૂતાઈ આપવાની ક્ષમતા ધરાવે છે. તેનાથી ટકી રહેવાની ક્ષમતા વધે છે. તે ન્યુરોનની દિમાગમાં વૃદ્ધિ એકદમ વધારે છે. બીજા જૂથે શોધી કાઢ્યું કે રક્ત અથવા કોશિકારહિત રક્ત પ્લાઝ્મા જે યુવા ઉંદરોમાંથી મેળવેલ છે તે વૃદ્ધ થતા ઉંદરોની અવકાશ(spatial)ને લગતી યાદદાસ્ત વધારે છે.

આ સંશોધનોના લીધે અલ્ઝાઇમાર ડિસિઝની સારવારની સુધારણા તરફ એક ડગલું આગળ લઈ જાય છે.

પાંચમું સંશોધન ડાયાબિટીસ મટાડવાની શક્યતા તરફ દોરી જાય છે. જ્યારથી માનવીના ભ્રૂણીય સ્રોત કોષ(stem cell)ની શોધ થઈ છે ત્યારથી એક મુખ્ય ધ્યેય એ રહ્યું છે કે તેનો ઉપયોગ એવા રોગની સારવાર માટે કરવો કે જેનું કારણ બિનકાર્યરત કે હાનિ પામેલ કોશિકા (cell) હોય. ડાયાબિટીસ આવો એક રોગ છે. સ્વાદુપિંડ(પેન્ક્રિયાસ)માંની બીટા કોશિકાઓ ઇન્સ્યુલિન બનાવે છે અને તે કોશિકાઓનો નાશ ટાઇપ-૧ ડાયાબિટીસ કરે છે.


પરંતુ ભ્રૂણીય (emproyonic) સ્રોત કોશિકાનું બીટા કોશિકામાં પરિવર્તન કરવાના પ્રયાસો સફળ રહ્યા નથી.

ટાઇપ-૧ ડાયાબિટીસનો ઉપચાર એક ડગલું આગળ વધ્યો છે. એ અભ્યાસો બતાવે છે કે બીટા કોશિકાઓને બે મહિનાથી ઓછા સમયમાં શરીરમાં દેખાયેલ બીટા કોશિકા સાથે બદલી શકાય છે. જેનો આપણે ઉપયોગ કરીએ તે બીટા કોશિકાનું મૃત્યુ નીપજવાના ઘટકને નિશ્ચિત કરવું જોઈએ. દરમિયાનમાં બીટા કોશિકા વિશે પ્રયોગશાળામાં ઘણું બધું જાણી શકાય.

આ આપણને સ્પર્શતાં પાંચ સંશોધનો છે. બીજાં પાંચ સંશોધનો એટલાં બધાં સીધી રીતે આપણને સ્પર્શતાં નથી.

– બિહારી છાયા

# એક વિચક્ષણ વૈજ્ઞાનિક વસંત ગોવારીકર (૧૯૩૩–૨૦૧૫)



વસંત ગોવારીકર

ભારતમાં શુદ્ધ વિજ્ઞાનને વધુ ને વધુ લોકપ્રિય બનાવવામાં જ્યારે વર્તમાન ભારત સરકાર, ભારતની મોટા ભાગની રાજ્યસરકારો, વિશ્વવિદ્યાલયો તથા શાળાના સ્તરની શિક્ષણસંસ્થાઓ મથી રહી હોય ત્યારે વસંત રણછોડ ગોવારીકર જેવા તે ક્ષેત્રના અગ્રણી વૈજ્ઞાનિકનું ૨ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ પુણે ખાતે થયેલ અવસાન અત્યંત આઘાતજનક ગણાય. શુદ્ધ વિજ્ઞાનને સમાજમાં અને વિશેષ કરીને વિદ્યાર્થીઓમાં વધુ લોકપ્રિય બનાવવાના કાર્ય ઉપરાંત અન્ય બે ક્ષેત્રોમાં પણ તેમનું કાર્ય શકવર્તી ગણાય તેવું છે : (૧) ભારતીય ઉપખંડમાં વહેતા મોસમી પવનનું સર્વદેશીય મૉડલ તૈયાર કરવામાં તેમનો ફાળો નોંધપાત્ર રહ્યો છે જેને કારણે વસંત ગોવારીકર 'ફાધર ઑફ ધ ઇન્ડિયન મૉનસૂન મૉડલ' તરીકે ઓળખાતા હતા. (૨) ખાતરનો સર્વવિદ્યાસંગ્રહકોશ (Encyclopaedia) તૈયાર કરવાના કાર્યમાં તેમણે આપેલ ફાળો જેમાં ખાતર અંગે ૪૫૦૦ અધિકરણો સામેલ કરવામાં આવ્યાં છે. આ કોશ વર્ષ ૨૦૦૮માં પ્રકાશિત કરવામાં આવ્યો છે અને તેમાં દરેક પ્રકારના ખાતરના ઉત્પાદનથી માંડી તેના ઇષ્ટ ઉપયોગ સુધીની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી છે. કોઈ એક જ વસ્તુનો આવો કોશ તૈયાર કરવાનું કાર્ય વિરલ ગણાય.

વસંત ગોવારીકરનો જન્મ પુણે ખાતે ૨૫ માર્ચ, ૧૯૩૩ના રોજ થયો હતો. તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મહારાષ્ટ્રના કોલ્હાપુર ખાતે થયું હતું. વિચક્ષણ બુદ્ધિમત્તા ધરાવતા વિદ્યાર્થી તરીકે તેઓ તેમના શિક્ષકોમાં તથા તેમના સહાધ્યાયીઓમાં જાણીતા હતા. શાળાકીય શિક્ષણ પૂરું કર્યા પછી તેઓ ઉચ્ચ અભ્યાસાર્થે ઇંગ્લૅન્ડ ગયા હતા જ્યાં તેમણે વિખ્યાત વૈજ્ઞાનિક ડૉક્ટર એફ. એચ. ગાર્નરના માર્ગદર્શન હેઠળ કેમિકલ એન્જિનિયરિંગ વિષયમાં અનુસ્નાતકની પદવી (M.Sc.) તથા ડૉક્ટરેટની પદવી (Ph.D.) પ્રાપ્ત કરી હતી. ગાર્નર સાથેના ગોવારીકરના સક્રિય વિદ્યાકીય સાથસહકારને પરિણામે જ સમયાંતરે 'ગાર્નર–ગોવારીકર સિદ્ધાંત'ની પ્રસ્તુતિ (Garner–Gowarikar Theory) થઈ છે.

(અનુસંધાન અઢારમા પાને)

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે ફેબ્રુઆરી મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૫, બુધવાર** : વિષય : કનુ દેસાઈ : જીવન અને કવન
વક્તા : શ્રી રજની વ્યાસ

**૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૫, બુધવાર** : વિષય : ખોજની મોજ
વક્તા : શ્રી જય વસાવડા

◈ **૧૦ ફેબ્રુઆરી ૨૦૧૫, મંગળવાર, સાંજના ૫-૦૦ :**

વક્તા : શ્રી નટુભાઈ પરીખ

વિષય : 'કલાગુરુ રવિશંકર રાવળ અને ગુજરાતમાં કલાનાં પગરણ'

ચિત્રકાર શ્રી રસિકલાલ પરીખ અને એન. એસ. બેન્દ્રે પાસે શ્રી નટુભાઈ પરીખનું કલાઘડતર થયું. વડોદરાની યુનિ.માં આર્ટ ક્રિટિસિઝમમાં અનુસ્નાતકની પદવી મેળવી છે. વિશ્વના મહાન ચિત્રકારો અને કલાવૃત્ત જેવા પુસ્તકો અર્પણ કરનાર શ્રી નટુભાઈ પરીખે ૨૮ વર્ષ સુધી સી. એન. કલા મહાવિદ્યાલયમાં અધ્યાપનકાર્ય કર્યું છે અને આજે ૮૫ વર્ષે એમની કલાસાધના અવિરતપણે ચાલુ છે. એમના જીવનમાં 'કુમાર' સામયિક અને કલાગુરુ શ્રી રવિશંકર રાવળ એમની કલાયાત્રામાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

◈ **૨૬ ફેબ્રુઆરી ૨૦૧૫, ગુરુવાર, સાંજના ૫-૦૦ :**

શ્રી પ્રવીણ ક. લહેરીલિખિત 'સ્મરણ સરદારનું' અને 'રાજુલા' ગ્રંથનું વિમોચન. આ પ્રસંગે સર્વશ્રી ગુણવંત શાહ, હસમુખ શાહ, અજય ઉમટ અને પ્રવીણ લહેરીનું વક્તવ્ય.

◈ **૧ માર્ચ ૨૦૧૫, રવિવાર, સવારે ૯-૩૦ :**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક સમિતિ દ્વારા અપાતો ઍવૉર્ડ પ્રાકૃત ભાષા-સાહિત્યના વિદ્વાન ડૉ. રમણીકભાઈ શાહને અર્પણ કરવામાં આવશે. પૂજ્ય આચાર્યશ્રી શીલચન્દ્રવિજયજી મ. સા.ની નિશ્રામાં આ સમારંભ યોજવામાં આવ્યો છે.

◈ **૨ માર્ચ ૨૦૧૫, સોમવાર, સાંજના ૬-૦૦ :**

પ્રિ. આર. એલ. સંઘવી અને શ્રીમતી મંજુલા આર. સંઘવી જ્ઞાનપ્રસાર વ્યાખ્યાનમાળાનો મંગલપ્રારંભ અને તેના ઉપક્રમે શ્રી સૌરભ સોપારકરનું 'કેન્દ્રીય અંદાજપત્ર' વિશે વક્તવ્ય.

## સ્વાસ્થ્ય-યોગશ્રેણી

◈ ૨૦, ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૫, શુક્રવાર-શનિવાર : બપોરે ૪.૩૦ થી ૬.૦૦

શ્રી મનસુખભાઈ મેદાણીના સહયોગથી ચાલતી સ્વાસ્થ્ય-યોગશ્રેણીના ઉપક્રમે ડાયાબિટીસના દર્દીઓ માટે બે દિવસની યોગશિબિર યોજવામાં આવી છે. આ શિબિરમાં યોગશિક્ષિકા શ્રી ભારતીબહેન મિસ્ત્રી ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવા માટે યોગાસનો તેમજ એ માટેની આવશ્યક આહાર પદ્ધતિ વિશે વક્તવ્ય આપશે. (મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે.)

---

(તેરમા પાનાનું ચાલુ)

એટલા જ ફોર્મમાં છે. સુકાની એ.બી.ડી વિલિયર્સ ઉપરાંત હશિમ અમલા, ડી કાર્ક, ડુપ્લેસી અને ડુમની જેવા જોરદાર ફટકાબાજ બૅટ્સમૅનો છે. તે ઉપરાંત ફાસ્ટ બૉલિંગમાં અત્યારે વિશ્વનો શ્રેષ્ઠ કહી શકાય તેવો ડેલસ્ટેન છે. મોર્ને મોર્કલ અને ફીલેન્ડર જેવા બીજા બે ફાસ્ટ બૉલરો સાથે દક્ષિણ આફ્રિકાની ટીમ કોઈ પણ ટીમને ભારે પડી શકે તેમ છે.

જોવાનું એ જ રહે છે કે ૨૯મી માર્ચે આ અગિયારમી વિશ્વકપ સ્પર્ધામાં વિજેતાનો તાજ કોના શિરે આવે છે...!

– જગદીશ શાહ


---

(સોળમા પાનાનું ચાલુ)

ગોવારીકરે તેમની તે પછીની વૈજ્ઞાનિક સંશોધન કારકિર્દી વિખ્યાત ભારતીય વૈજ્ઞાનિક ડૉક્ટર વિક્રમ સારાભાઈના માર્ગદર્શન હેઠળ કેરળના થુંબા ખાતે ચાલુ રાખી હતી. વર્ષ ૧૯૭૯–૧૯૮૫ના ગાળા દરમિયાન તેઓ ભારત સરકારના વૈજ્ઞાનિક અને ટેક્નોલૉજિકલ સલાહકાર તથા 'વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર'ના નિયામક રહ્યા હતા. વર્ષ ૧૯૯૫–૧૯૯૮ના ગાળા દરમિયાન ગોવારીકર પુણે વિશ્વવિદ્યાલય(હવે સાવિત્રીબાઈ ફુલે વિશ્વવિદ્યાલય)ના કુલપતિપદે કાર્યરત હતા. સાથોસાથ વર્ષ ૧૯૯૪–૨૦૦૦ દરમિયાન તેઓ 'મરાઠી વિજ્ઞાન પરિષદ'ના ચેરમૅન રહ્યા હતા. વિજ્ઞાન વિષયને વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બનાવવા માટે મહારાષ્ટ્ર રાજ્યસરકારે નીમેલ સમિતિના વડા તરીકે પણ ગોવારીકરે કામ કર્યું હતું.

વર્ષ ૧૯૮૪માં વસંત ગોવારીકરને ભારત સરકારે 'પદ્મશ્રી'ના ખિતાબથી તથા વર્ષ ૨૦૦૮માં 'પદ્મભૂષણ'ના ખિતાબથી નવાજ્યા હતા. ઉપરાંત તેમને 'ફાઈ ફાઉન્ડેશન'નો એવૉર્ડ પણ પ્રદાન થયો હતો.


– બી. એમ. મૂળે



ડૉ. સુરેશ શેઠની કલાકૃતિઓનું પ્રદર્શન લિખિત 'The Arts of the Kharak & Crafts of their region Saurashtra' પુસ્તકનું વિમોચન કરતાં શ્રી હિના શુક્લ, કુમારપાળ દેસાઈ, શ્રી અમિત અંબાલાલ, શ્રી સુરેશ શેઠ અને શ્રી એસ્થર ડેવિડ



'ગુણસુંદરી (સરસ્વતીચંદ્ર), સુચરિતા (દીપનિર્વાણ) અને રન્ના(શીમળાનાં ફૂલ)માં નારીચેતના' વિશે શ્રી ઉષા ઉપાધ્યાય



'પારસી રંગભૂમિ: ગઈ કાલ, આજ અને આવતી કાલ' વિશે શ્રી યઝદી કરંજિયા

દર મહિનાની પમી તારીખે પ્રકાશિત

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2015-17 Issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2017

ISSN 2321 6999




## ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને ઉજાગર કરતી
દરેક સંસ્થા, ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવા
૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો
('અ' થી 'હ' સુધી)માં ૧,૭૦૦ થી વધુ વિદ્વાનો અને
લેખકોએ લખેલાં ૧૬૯ વિષયોના ૨૩,૦૦૦થી વધુ લખાણોનો
સમાવેશ સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન માહિતી
ધરાવતો પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય

(રૂ. ૨૦,૮૦૦/- ની કિંમતના ગ્રંથો ૧૫,૬૦૦/- માં મળશે.)



## ગુજરાતી બાળવિશ્વકોશ

ગુજરાત બાળવિશ્વકોશ (ભાગ ૧ થી ૫)
સાહિત્ય-કળા અને સામાન્ય જ્ઞાનનાં લગભગ સર્વ ક્ષેત્રોની
માહિતી આપતો આ જ્ઞાનકોશ ૧૧૬૪ અધિકરણો અને
૨૪૫૫ ચિત્રો અને તસવીરોથી સુશોભિત છે. જુદા જુદા ૭૩ જેટલા
વિષયો પર પ્રમાણભૂત માહિતી ધરાવતો આ બાળવિશ્વકોશ
બાળ-કિશોરો માટે અનોખી ભેટ છે. તે સુંદર બહુરંગી ચિત્રો અને
તસવીરોથી સુશોભિત છે. જિજ્ઞાસાથી ઊભરાતાં બાળ-કિશોરો માટે
આ અનોખી ભેટ પુરવાર થશે.

(કુલ કિંમત ૩,૮૦૦/- રૂ. છે જે ૨૫ % વળતરથી મળશે.)

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા વિવિધ ગ્રંથ શ્રેણી અંતર્ગત વિવિધ
વાચનસામગ્રી ધરાવતાં 'ગુજરાત', 'ભારત', 'કૅન્સર', 'માનવજનીન વિજ્ઞાન',
'પર્યાવરણ સંહિતા' વગેરે ૬૮ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે.

આ પ્રકાશનો ૨૫ % વળતરથી ઉપલબ્ધ થશે.

મુદ્રક: વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન
સૂર્યા ઑફસેટ: રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન ૨૨૧૨૪૪૬૩, ૨૨૧૩૯૪૪૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ